નરેન્દ્ર મોદીના શપથવિધિ સમારોહને શાનદાર અને યાદગાર બનાવાશે

ગાંધીનગર, તા. ૨૪

નરેન્દ્ર મોદી ૨૬મી ડિસેમ્બરે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરનાર છે ત્યારે આ સમારોહને શાનદાર અને યાદગાર બનાવવા માટે ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ આરંભવામાં આવી છે. આ સમારોહના આયોજન માટે ભાજપના આગેવાનોની બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

ગુજરાત વિધાનસભાની યોજાયેલી ચૂંટણીમાં ૧૧૫ બેઠકો પર વિજય મેળવીને નરેન્દ્ર મોદીએ હેટ્રીક મેળવી છે. ૨૬મી ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ અમદાવાદમાં સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે સવારે ૧૦ કલાકે નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરી રહ્યા છે.

નરેન્દ્ર મોદીના આ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ઉપરાંત ૬ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજરી આપનાર હોઈ નરેન્દ્ર મોદી એક માત્ર એવા મુખ્યમંત્રી બની જશે જેમના શપથવિધિ સમારોહમાં આટલા બધા નેતાઓ ઉપસ્થિત રહેશે.

નરેન્દ્ર મોદીનો શપથવિધિ સમારોહ શાનદાર અને યાદગાર બની રહે તે માટે ભાજપ દ્વારા જોરશોરથી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અમદાવાદ શહેરના તમામ વોર્ડોમાંથી ૫૦૦ કાર્યકર્તાઓને શપથવિધિ સમારોહમાં હાજર રાખવા માટેની જવાબદારીઓ સોંપવામાં આવી છે. જ્યારે જિલ્લામાંથી બેબસોમાં કાર્યકરો, સમર્થકોને લાવવા માટેની જવાબદારી સોંપવામાં આવી છે.

સરદાર સ્ટેડિયમ ખાતે શાંતિપૂર્વક રીતે સમારોહ સંપન્ન થાય તે માટે ભાજપના કાર્યકર્તાઓને પણ જવાબદારીઓ સોંપવામાં આવી છે તેમજ સ્ટેડિયમમાં કાર્યકરો અને સમર્થકોને બેસવા માટેની વ્યવસ્થા માટે કાર્યકરોની ટામો બનાવીને તેમને જવાબદારી સોંપવામાં આવી છે.

સરદાર સ્ટેડિયમ ખાતે ૨૬મીના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી શપથ ગ્રહણ કરનાર છે ત્યારે આ સમગ્ર સ્ટેડિયમને કેસરિયા રંગથી રંગી દેવાશે અને ભાજપના કમળના પ્રતીકવાળી ધજાઓ ફરકાવીને નરેન્દ્ર મોદીને વધાવી લેવામાં આવશે.

નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહમાં ભાજપના યુવા કાર્યકરો 'એક મત ગુજરાત'ના સ્લોગનવાળા ટી-શર્ટો પહેરીને આવે તે પ્રકારનું આયોજન પણ પક્ષ દ્વારા ઘડી કાઢવામાં આવ્યું છે.

નાતાલ પર્વના અવસરે શુભેચ્છા પાઠવતાં રાજપાલશ્રી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતના **રાજ્યપાલ ડો. શ્રીમતી કમલાજીએ નાતાલ પર્વના શુભ અવસરે સૌને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.**

રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે, ઈશુ ખ્રિસ્તનો પ્રેમ, કરૂણા અને શાંતિનો સંદેશ સમાજમાં પરસ્પર ભાઈચારો દૃઢ કરવાની પ્રેરણા પ્રદાન કરે છે. આપણા માટે આ પ્રેરણા સંદેશ જીવનમાં આત્મસાત્ કરવાનો આ શુભ અવસર છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૫મી જાન્યુઆરીએ સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી ૧૫મી જાન્યુઆરીના રોજ પંચાયતના સરદાર પટેલ હોલમાં મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગીબેન પટેલના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભા વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બાદ પહેલી મળી રહી છે. આ સામાન્ય સભામાં વિવિધ સમિતિઓએ કરેલ કામગીરીની કાર્યવાહી નોંધને બહાલી આપવાની કામગીરી કરશે.

આ બેઠકમાં જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ તેમજ સામાજિક ન્યાય સમિતિ સિવાયની અન્ય સમિતિઓની નવેસરથી રચનાની કામગીરી પણ હાથ પર લેવામાં આવનાર હોવાથી રાજકીય ઉત્તેજનાઓ પંચાયતના રાજકારણમાં છવાઈ જવા પામી છે.

જિલ્લા પંચાયતની સમિતિઓના ચેરમેનોના રાજીનામા વિવાદ થતાં લેવાયા હતા અને આ પછી નવી સમિતિઓની રચના કરવામાં આવી હતી. શિક્ષણ સમિતિની રચનાને વિકાસ કમિશ્નરે રદ કરી હતી તે સમયે ભારે વિવાદ થયો હતો જે ઉલ્લેખનીય છે.

નવી સમિતિઓની રચના પછી પણ કારોબારી સમિતિની રચનાને લઈ વિવાદ લાંબો સમય ચાલ્યો હતો અને એક તબક્કે પ્રદેશમાંથી નિરીક્ષકોને મોકલવાની ફરજ પડી હતી. જિલ્લા પંચાયતમાં અસંતોષની આગ ઠારવામાં જિલ્લાની નેતાગીરીને થોડીક રાહત થઈ હતી પરંતુ પુનઃ આ સમિતિઓની મુદત પૂર્ણ થતાં આ વિવાદ ઉચકાશે એમ મનાઈ રહ્યું છે.

કોંગ્રેસ પક્ષના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચના પૂર્વે બધા જ સભ્યોને વિશ્વાસમાં લઈ આગળ વધવામાં આવશે. જિલ્લા સમિતિ દ્વારા આગામી સમાહમાં તમામ ચેરમેનોના રાજીનામા લઈ લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

નવી સમિતિઓની રચના માટે પ્રદેશમાંથી નિરીક્ષકો આવશે કે કેમ? તે મુદ્દે હાલ પક્ષના આગેવાનો મૌન સેવી રહ્યા છે. જો કે પક્ષના સભ્યો પણ હાલ કંઈ કહેવાના મૂડમાં હોય તેવું લાગતું નથી.

ક્રિસમસની ઉજવણી શરૂ થઈ ચુકી છે ત્યારે વીએસ હોસ્પિટલમાં પણ નાના ભૂલકાઓ સાથે સાંતા ક્લોઝે ઉજવણી કરી હતી.

અમદાવાદ સહિત ગુજરાતમાં ઠંડીનું મોજુ : નલીયામાં ૮.૩

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં આજે ઠંડીનું મોજું ચાલુ રહ્યું હતું. રાજ્યમાં સૌથી વધારે ઠંડી નલીયામાં ૮.૩ ડીગ્રી સેલ્સિયસ નોંધાઈ હતી. વહેલી સવારે પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા વધુ અનુભવાતી હતી. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે. અને અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૨૮.૮ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૪.૬ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૫૧ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૧ ટકા નોંધાયું હતું. શહેરમાં ઠંડીનું પ્રમાણ વધતાં હવે લોકોએ સ્વેટર, શાલ, જેકેટ સહિતના ગરમ વસ્ત્રો પહેરવાની શરુઆત કરી દીધી છે. ઠંડી વધતાં રાત્રે રસ્તા સૂમસામ દેખાય છે. અને ઠંડી સામે રક્ષણ મેળવવા તાપણા અને રૂમ હીટરનો ઉપયોગ શરૂ થઈ ગયો છે. કાશ્મીર સહિત ઉત્તર ભારતમાં હીમવર્ષાની સાથે ઠંડી વધતાં તેની અસર ગુજરાતમાં જોવા મળે છે.

ભૂખમરામાં સબડેલા ૩૦૦ બાળકોના મૃત્યુની તકતી આજેય અકબંધ...

'અહીં પોઢેલાં બાળકોને કદી ભૂખ નહીં લાગે...!!!'

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લામાં આવેલ પ્રાંતિજ તાલુકો પોતાના પ્રાચિન અવશેષોને કારણે ઐતિહાસિક મહત્વ ધરાવે છે. પ્રાગિપુરી તરીકે જાણીતા પ્રાંતિજ શહેરમાં રેલ-વે સ્ટેશન વિસ્તારમાં સ્થિત આઈ.પી. મિશન સંસ્થાના પ્રાંગણમાં ૧૧૨ વર્ષ જુના શિલાલેખો આજે પણ ભૂખે ટળવળેલા અને મોતને ભેટેલા ૩૦૦ બાળકોની યાદ તાજી કરાવે છે. અને 'આ બાળકોને કદી ભૂખ નહીં લાગે' તે તકતી આજે પણ તેની સાક્ષી પૂરે છે.

આઈ.પી. મિશનરીના સંચાલક ફાધરે એક મુલાકાતમાં સંસ્થાનો ઈતિહાસ તેના દસ્તાવેજી પુરાવાઓ સાથે રજુઆત કરતા જણાવ્યું હતું કે ઈ.સ. ૧૮૮૦માં અંગ્રેજોના શાસનકાળ દરમિયાન ગરીબ લોકોના કલ્યાણ માટે પ્રાંતિજમાં મિશનરીનું કામ શરુ કરવામાં આવ્યું હતું. ચૂનો-ઈંટો દ્વારા ૧૮૮૫માં તેનું મકાન બનાવવામાં આવ્યું હતું. જયાં ગરીબ બાળકોને શિક્ષણ પુરું પાડવામાં આવતું હતું. આ દરમિયાન ઈ.સ. ૧૯૦૦ની સાલમાં ભયકંર પ્લેગ અને દુષ્કાળને કારણે ભૂખમરા જેવી દયનીય સ્થિતિ ઉત્પન્ન થઈ હતી. જેમાં પ્લેગ અને ભૂખમરાને કારણે અનેક લોકો મૃત્યુને ભેટયા હતા. આથી ઈસાઈ (ખ્રિસ્તી) રીતિ રિવાજ પ્રમાણે કોઈ પણ વ્યકિત મૃત્યુ પામે ત્યારે તેને કબર ખોદી દફનાવવામાં આવે છે.

પરંતુ તે સમય દરમિયાન મૃત્યુ પામનારની સંખ્યા વધતી ગઈ અને એ સમયમાં મોટી સંખ્યામાં કબ્રસ્તાન તૈયાર થઈ શકે તેવી પરિસ્થિતિ ન હતી પરીણામે પ્રાંતિજ આઈ.પી. મિશનના રેલવે ફાટક પાસે ચંચળબા નગરમાં આવેલ આ કબ્રસ્તાનમાં મૃત્યુ પામેલા લોકોને દફનાવવા માટે એક મોટો ઉંડો કૂવો ખોદી પ્લેગ અને ભૂખમરાથી મૃત્યુ પામેલા આ લોકોને કૂવામાં દફનાવી નાખવામાં આવ્યા હતા અને તેની પર માટી નાંખવામાં આવી હતી. મૃત્યુ આંક વધતા કૂવો ધીમે ધીમે મૃતદેહોથી ભરાઈ ગયો હતો

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

જેમાં ત્રણસો જેટલા બાળકો પણ ભૂખમરાને કારણે મૃત્યુ પામ્યા હતા. બાદમાં આ કૂવાને ચારે તરફથી ચણતર કરી તેને સીલ કરી દેવામાં આવ્યો હતો અને તેના પર 'આ બાળકોને કદી ભૂખ નહીં લાગે' આ કબ્રસ્તાનમાં દાટેલા ત્રણસો બાળકો ઈ.સ. ૧૯૦૦ના દુષ્કાળ પ્રસંગે મરણ દ્વારે ઘેટા પાલકની બાથમાં આશ્રય પામ્યા તેના સ્મણાર્થે તેઓને ફરી ભૂખ નહીં લાગે તેવા લેખ કોતરવામાં આવ્યા હતા જે આજે પણ હયાત છે.

હરિયાવાડા ગ્રામ પંચાયત છેલ્લા બે વર્ષથી તલાટી વિહોણી

દાંતીવાડા, તા. ૨૪

દાંતીવાડા તાલુકાના હરિયાવાડા ગામે છેલ્લા બે વર્ષથી તંત્ર દ્વારા એક પણ તલાટીની નિમણુંક ન કરવામાં આવતા ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે અને કોઈ પણ જાતના દાખલા કે ખેતીને લગતા કાગળીયા ખેડૂતોને મળતા જ નથી આથી ગ્રામજનો અને ખેડૂતો રોષે ભરાયા છે અને સત્વરે તલાટીની નિમણુંક કરવામાં આવે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં આવેલ હરિયાવાડા ગ્રામ પંચાયતમાં બે વર્ષ જેટલો સમય વિતી ગયો છતાં પણ અહીં કોઈ કાયમી તલાટી મુકવામાં આવતા નથી. આથી ગામના સરપંચ અદાભાઈ માજીરાણાએ અનેક વાર તાલુકા વિકાસ અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને આ બાબતે રજુઆત કરી છે તેમ છતાં કોઈ પગલા લેવાયા નથી અને પાસેની ચોડુંગરી ગ્રામ પંચાયતના તલાટીને ચાર્જ સોંપી દેતા ચાર્જ સંભાળતા તલાટી પણ બે બે મહિના સુધી ડોકીયું પણ કરતા નથી. પરિણામે ગ્રામજનોના ખેતીને લગતા તેમજ ૭/૧૨ અને ૮-અના ઉતારા ઉપરાંત અન્ય જરુરી દાખલા સમયસર મળી શકતા નથી આથી ગ્રામજનો ભારે રોષે ભરાયા છે. અને તત્કાલ તલાટીની નિમણુંક કરવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

હિંમતનગરના મહારાજા શ્રી અમરસિંહજીનું ૯૪ વર્ષની વયે ટુંકી માંદગી બાદ નિધન થતાં સ્વ.મહારાજાને રાજવી સન્માન સાથે રાજવી પરિવારના સ્મશાન ગૃહમાં અગ્નિદાહ દેવામાં આવ્યો હતો. સ્વ. અમરસિંહજી મહારાજા હિંમ્મતસિંહજીના નાના મહારાજકુમાર હતા. સ્વ.ની અંતિમયાત્રામાં રાજવી પરિવારના અગ્રણીઓ સહિત પૂર્વમંત્રી રણજીતસિંહ ચાવડા,-ફુલભાઈ પટેલ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા,વડગામના ધારાસભ્ય મણીલાલ વાઘેલા તેમજ ઉધોગપતિઓ,ડૉકટરો, રાજકીય અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ જોડાયા હતા. (તસ્વીરઃ- મગન વણજારા, હિંમતનગર)

પગલાં લેવા અરજી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ સભ્યો સામે પક્ષાંતર વિરોધી ધારા અન્વયે કામગીરી કરવા માટે કોંગ્રેસ પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા અને શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલે મ્યુનિ. સચિવની કોર્ટમાં અરજી કરી છે.

આ અરજદારોએ તેમની અરજીમાં ભાજપમાં પક્ષાંતર કરી જોડાયેલા મેયર અને તેમના બેસાથીદારોસામે પક્ષાંતર બાબતોના અધિનિયમ ૧૯૮૬ની કલમ ૩,૪,૫ મુજબ અરજી કરી કોર્પોરેશનના સભ્યપદેથી દૂર કરવા માટે દાદ માંગી છે.

કોંગ્રેસ પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા અને મુકેશ પટેલે કરેલી આ અરજીમાં જણાવ્યું છે કે તા. બીજી નવેમ્બર, ૨૦૧૨ના રોજ આ ત્રણેય સભ્યોએ પક્ષપલ્ટો કર્યો છે, તેમની સામે અધિનિયમની કલમ ૩,૪,૫ અન્વયે કામગીરી કરવી જોઈએ. તેમણે જણાવ્યું છે કે આ સભ્યો પહેલાં કોંગ્રેસ પક્ષને સમર્થન આપતા સભ્ય તરીકે હતા, હવે આ સભ્યોએ ભાજપને સમર્થન જાહેર કર્યું છે તથી તેમને કોર્પોરેશનના સભ્યપદેથી દૂર કરી અને પેટા-ચૂંટણીઓ યોજવા માટેના આદેશો જારી કરવા જોઈએ.

ગાંધીનગર કોર્પોરેશનની રચનાને દોઢ વર્ષ જેટલો સમયગાળો થયો છે ત્યાં જ પક્ષાંતર ધારાનો વિવાદ થતાં હવે આ અરજીના ચુકાદા પર સૌની મીટ મંડાઈ છે.

મેયર મહેન્દ્રસિંહ રાણા સામે વિધાનસભાની ચૂંટણી પહેલાં પગલાં લેવા માટે વિચારમા પ્રદેશ સમિતિ દ્વારા હાથ ધરવામાં આવી હતી. પરંતુ તે વેળાએ કેટલાક આગેવાનોએ આ પગલાં લેવા ઉતાવળ નહીં કરવી જોઈએ તેવો આગ્રહ કર્યો હતો. પરંતુ હવે ચૂંટણીઓ સંપન્ન થતાં જ પ્રદેશ નેતાઓના માર્ગદર્શન તળે આ અરજી કરી તેમનું સભ્યપદ છિનવી લેવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. ત્રણ માસમાં જ આ અરજીનો નિકાલ આવશે તેવો વિશ્વાસ કોંગ્રેસના આગેવાનો વ્યક્ત કરી રહ્યા છે.

દરમ્યાન કોંગ્રેસના વધુ ત્રણ જેટલા સભ્યોને ભાજપમાં જોડાવા માટે સમજાવવાના પ્રયાસો સઘન રીતે હાથ ધરાતાં કોંગ્રેસ પક્ષે હવે તેની આબરૂ બચાવવા માટે પણ આ અરજી દાખલ કરી હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. પક્ષાંતર વિરોધી ધારા હેઠળ સભ્યપદેથી આ ત્રણ સભ્યો દૂર થતાં જ આયારામ-ગયારામની પ્રવૃત્તિ પણ અટકશે તેવું રાજકીય વર્તુળોનું માનવું છે.

અગાઉ જિલ્લા પંચાયતમાં બળવો કરનાર સભ્યો સામે આ કાયદા હેઠળ કડક પગલાં લેવામાં આવ્યાં હતાં એ ઉલ્લેખનીય છે. પક્ષાંતર વિરોધી ધારા હેઠળ જિલ્લામાં પગલાં લેવા માટે સ્થાનિક સ્વાર્જય સંસ્થાઓની તવારીખમાં આ બીજી અરજી છે. આજે કોંગ્રેસ પક્ષે કરેલ અરજીને લઈ રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ થઈ રહી છે કે કોંગ્રેસની નેતાગીરીએ આ પગલું મોડું ભર્યું છે.

શબ્દાવલી - ૪૯૩૧



આડી ચાવી

૧. તોફાન મસ્તી (૪)
૫. વખાણ (૩)
૮. પધ્ધતિસર (૪)
૯. કસીરાઈ (૩)
૧૦. માખણ લગાવવું, ... મારવો (૩)
૧૨. ગતિ (૪)
૧૫. હિન્દીમાં કાંડુ (૩)
૧૭. અસફલ ના હોય તેવું (૩)
૧૮. બોલ (૩)
૨૧. ડંડો (૨)
૨૨. ખત, પત્ર (૩)
૨૪. પીડા (૩)
૨૫. બતક (૨)

ઊભી ચાવી

૧. ગુંડા ના હોય તેનો વ્યક્તિ (૩)
૨. રજની, રાત્રિ (૨)
૩. એક વાનગી (૫)
૪. તરસ્યું થવું, ... લાગવી (૩)
૫. નિશાન..., તાકવાનો હુકમ (૨)
૬. ગુસ્સો, ચીડ (૨)
૭. વેફર, સાબુદાણાની બનાવટ (૪)
૧૧. સમુહ ગાન, વૃંદગાન (૩)
૧૩. બીક, ભય (૪)
૧૪. ગાયનનો ઠોકનું માપ (૨)
૧૫. રૂપ વિનાનું (૪)
૧૬. મહેસાણા તાલુકાનું કોઈ ગામ (૩)
૧૯. સરસ, ખૂબ સુરત (૩)
૨૦. પલકારો (૩)
૨૩. ઉપકાર, આભાર (૨)

શબ્દાવલી ૪૯૩૦ના જવાબ

આડી ચાવી :- (૧) સત્યઘટના (૩) કાપા (૫) તપકીર (૬) બાંધવ (૮) દીકરો (૧૦) સાદી (૧૧) કસોટી (૧૨) કટોકટી (૧૪) સિકલ (૧૭) કળા (૧૯) કરતાલ (૨૦) ટપાલ

ઊભી ચાવી :- (૧) સજોડે (૨) નાતવરો (૩) કાકી (૪) પારણું (૬) બાંટી (૭) ધકધક (૯) સીસોટી (૧૦) સાહસિક (૧૧) કકળાટ (૧૩) ટોક (૧૫) કર (૧૬) લતા (૧૮) પોલ

વિક્રમજનક પરિણામ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગ્રેડમાં જયારે ૧૭૬૨ વિદ્યાર્થીઓનો સી-વન ગ્રેડમાં સમાવેશ થયો છે. સી-૨ ગ્રેડમાં ૧૦૯૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. કેન્દ્રવાર જાહેર થયેલા પરિણામમાં પણ ગાંધીનગર કેન્દ્રનું ૯૯.૪૫ ટકા જેટલું ઉંચું પરિણામ જાહેર થયું છે. ગાંધીનગર કેન્દ્રમાંથી નોંધાયેલા ૪૦૬૧ વિદ્યાર્થીઓ પૈકી ૫૯ સ્ટુડન્ટસ એ-વન ગ્રેડમાં પાસ થયા છે. ૨૧૮ એ-૨ ગ્રેડમાં, ૫૭૩ બી-વન ગ્રેડમાં તેમજ ૯૮૦ વિદ્યાર્થીઓનો બી-૨ ગ્રેડમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત સી-વનમાં ૧૩૧૨ અને સી-૩માં ૭૬૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. ગાંધીનગર શહેર અને જિલ્લાનું વિક્રમજનક પરિણામ આવતા શહેરની મોટાભાગની શાળાઓનું રીઝલ્ટ પણ સો ટકા હોવાનું ધ્યાને આવ્યું છે. જેમાં વેદ ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થી આદિત્ય ઠકકરે ૫૦૦માંથી ૪૮૭ અને ૬૫૦માંથી ૬૩૬ ગુણ પ્રાપ્ત કરી ગાંધીનગરની ટોપર્સની યાદીમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. આદિત્ય એ અંગ્રેજી વિષયમાં ૧૦૦માંથી ૯૭, ગણિતમાં ૧૦૦, કેમેસ્ટ્રીમાં ૧૦૦, ફિઝીકસમાં ૯૫ અને કોમ્પ્યુટરમાં ૯૫ ગુણ પ્રાપ્ત કર્યા છે. પ્રેકટીકલના વિષયમાં પણ ૫૦માંથી ૫૦ ગુણ પ્રાપ્ત કર્યા છે.

હાઈકમાન્ડનું તેડુ આવી જતા અર્જુન મોઢવાડિયા દિલ્હીમાં

ગુજરાતમાં પરાજય માટેના કારણો રજૂ કરાશે : ૨૭મીએ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રદેશ સમિતિની બેઠક મળશે

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતમાં ફરી એકવાર સત્તાથી દૂર રહી જનાર કોંગ્રેસને હજુ પરાજયની કળ વળી નથી ત્યારે હાઈકમાન્ડનું ફરમાન છૂટતા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા આજે સવારે દિલ્હી દોડી ગયા છે જ્યાં બે દિવસ સુધી રોકાઈને ગુજરાતમાં તનતોડ મહેનત કરી હોવા છતાં કોંગ્રેસનો પરાજય કેમ થયો તેના કારણો રજૂ કરશે અને પરાજયની જવાબદારી સ્વીકારી પ્રદેશ પ્રમુખ તરીકે અન્ય કોઈ શક્તિશાળી નેતાને આરૂઢ કરવાની પણ હાઈકમાન્ડને વિનંતી કરશે તેમ જાણવા મળે છે.

સૂત્રો દ્વારા જણાવ્યા મુજબ કોંગ્રેસના હાઈકમાન્ડે હવે ગુજરાત કોંગ્રેસના એક પછી એક નેતાને વ્યક્તિગત રીતે દિલ્હી બોલાવી પક્ષની આંતરિક સ્થિતિનો સાચો તાગ મેળવવા તથા પરાજયના કારણો શોધવાની કવાયત શરૂ કરી છે. તાજેતરમાં વિધાનસભા વિરોધપક્ષના પૂર્વ નેતા શક્તિસિંહ ગોહિલ દિલ્હી જઈ આવ્યા બાદ અર્જુન મોઢવાડિયાને પણ દિલ્હી તલબ કરતા ગુજરાત કોંગ્રેસમાં ધરમૂળ ફેરફાર આવી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિધાનસભા વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ બન્ને મહાનુભાવો વિધાનસભાની ચૂંટણી હાર્યા હોવાથી હવે નવી સરકારમાં વિધાનસભા વિપક્ષના નેતા તરીકે કોની પસંદગી કરવી અને પરાજયની સીધી જવાબદારી સ્વીકારનાર અર્જુન મોઢવાડિયાના સ્થાને નવા પ્રદેશ પ્રમુખ તરીકે કોની પસંદગી કરવી તે કોંગ્રેસ હાઈકમાન્ડ માટે વિકટ પ્રશ્ન બની રહ્યો છે.

આ સમસ્યાનો તાકીદે ઉકેલ લાવવા કોંગ્રેસની કેન્દ્રીય નેતાગીરીએ કવાયત શરૂ કરી દીધી છે. જેના ભાગરૂપે ૨૭મી ડિસેમ્બરના રોજ રાજીવ ગાંધી ભવન ખાતે મળનારી કોંગ્રેસની પ્રદેશ સમિતિની બેઠકમાં વિધાનસભા વિરોધપક્ષના નેતાના નામની પસંદગીને મ્હોર મારવામાં આવશે. કોંગ્રેસ પ્રદેશ સમિતિની આ બેઠકમાં પ્રદેશ ડેલીગેટ્સ તથા શહેર જિલ્લા પ્રમુખો, મહામંત્રીઓ અને ધારાસભ્યો વગેરે હાજરી આપશે તેમ પણ સૂત્રો જણાવે છે.